દૂધ સંજીવની યોજના બાબત.

ગુજરાત સરકાર

મહિલા અને બાળ વિકાસ વિભાગ

ઠરાવ ક્રમાંક આઇસીડી-૧૧૨૦૦૦૯/૭૩૨૨૪૧/બ

સચિવાલય, ગાંધીનગર

તા.૧૮-૦૭-૨૦૨૦

સંદર્ભ:-

૧. કૃષિ અને સહકાર વિભાગના ઠરાવ ક્ર:સદસ-૧૦૨૦૧૬-૨૨-ખ તા.૨૭/૧/૨૦૧૬

૨. મ. અને બા.વિ. વિભાગના ઠરાવ ક્ર: આઇસીડી-૧૧૨૦૦૯-૭૩૨૨૪૧-બ તા.૨૩-૮-૨૦૧૯

૩. કમિશ્નરશ્રી,મ.અને બા.વિ. ની કચેરીનો તા.૧૭/૬/૨૦૨૦નો પત્ર ક્ર:પોષણ/ આઇસીડીએસ/DSY/મંજુરી અને એડવાન્સ આપવા બાબત/૨૧૯૧૬૧/૨૦૨૦-૨૧

આ મુ ખ:-

સંદર્ભ (૧) થી આદિજાતિ વિકાસ વિભાગ,શિક્ષણ વિભાગ, અને મહિલા અને બાળ વિકાસ વિભાગ નીચે ચાલતી દૂધ સંજીવની યોજનાનું એકીકરણ કરવામાં આવેલ છે. સંદર્ભ (૨) થી દૂધ સંજીવની યોજના હેઠળ વર્ષ ૨૦૧૯-૨૦માં GCMMF Ltd. આણંદ અને માહિ ડેરી રાજકોટ દ્વારા દૂધ તેમજ ટ્રાન્સપોર્ટેશનના ખર્ચના ૨ (બે) માસની ચુકવવાપાત્ર રકમ વિભાગને ફાળવેલ ગ્રાન્ટમાંથી બે માસની એડવાન્સ ગ્રાન્ટ માર્ચ-૨૦૨૦ અંતિત સરભર કરવાની શરતે વહીવટી મંજુરી આપવામાં આવેલ.

સંદર્ભ (3) થી વર્ષ ૨૦૨૦-૨૧માં GCMMF અંતર્ગત આવતી તમામ જિલ્લા ડેરીને તથા માહિ ડેરી રાજકોટને દૂધ સંજીવની યોજના અંતર્ગત દૂધ પૂરૂ પાડવાની તેમજ દૂધ સપ્લાય, વાહતુક ખર્ચ અને જરૂરીયાત મુજબના ઇન્સ્યુલેટેડ બોક્ષ માટે આગોતરી ચુકવણી લેખે બફર એડવાન્સ રકમની મંજુરી માટે દરખાસ્ત કરેલ છે. જેથી પુખ્ત વિચારણાના અંતે નીચે મુજબનો ઠરાવ કરવામાં આવે છે.

ઠરાવ:-

દૂધ સંજીવની યોજના હેઠળ વર્ષ ૨૦૨૦-૨૧માં GCMMF અંતર્ગત આવતી તમામ જિલ્લા ડેરીને તથા માહિ ડેરી રાજકોટને દૂધ પુરવઠો, વાહતુક ખર્ચ અને જરૂરીયાત મુજબના ઇન્સ્યુલેટેડ બોક્ષ માટે આગોતરી ચુકવણી પેટે ૨ (બે) માસની એડવાન્સ ગ્રાન્ટ માર્ચ-૨૦૨૧ અંતિત સરભર કરવાની શરતે વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા.૧૩/૦૭/૨૦૨૦ ની નોંધથી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

ARChristian
(અંકિતા ક્રિશ્ચિયન)
ઉપ સચિવ
મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,

- માન.મંત્રીશ્રી (મ.બ.ક.) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. રા.ક.મંત્રીશ્રી, મ.બ.ક.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી(ખર્ચ), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦,ડૉ જીવરાજ મહેતા ભવન ગાંધીનગર
- નિયામકશ્રી (આઇસીડીએસ) કમિશ્નરશ્રી મહિલા ને બાળ વિકાસ કચેરી, ૨૦, ડૉ જીવરાજ મહેતા ભવન ગાંધીનગર
- નાણાં સલાહકારશ્રી (મ.બ.વિ.) નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- પગાર અને હિસાબી અધિકરીશ્રી ગાંધીનગર/ અમદાવાદ
- સેલેક્ટ ફાઇલ